# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સેકટર-૧૦ બી

## જુના સચિવાલય પાસે ગાંધીનગર

## નવા શૈક્ષણિક સત્ર-૨૦૨૧ થી નવી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજુરી અંગે અગત્યની જાહેરાત

નવા શૈક્ષણિક સત્ર-૨૦૨૧ થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી (નોન ગ્રાન્ટેડ) નવી બિન અનુદાનિત માધ્યમિક (ધો-૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧) શાળાઓ (સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહ) શરૂ કરવા સ્થાનિક રીતે રચાયેલ/ નોંધાયેલ મંડળો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે તા.૧૮/૦૧/૨૦૨૧ ના સાંજના ૪:૦૦ વાગ્યા થી તા.૨૮/૦૨/૨૦૨૧ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઇટ nsa.gseb.org પર થી ઓનલાઇન અરજી પત્રક ઉપલબ્ધ રહેશે. ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સૂચના ધ્યાનપૂર્વક વાંચી ઓનલાઇન અરજી સાથે જરૂરી તમામ આધાર-પુરાવાનું સ્કેનીગ કરાવી અરજી સાથે ઓનલાઇન બિડાણ તરીકે ફરજીયાત જોડવાનું (Upload) રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે રજીસ્ટ્રેશન કર્યેથી ઇ-મેલ પર મળેલા આઇ.ડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન SBI E-pay Payment System મારફતે રૂ.૨૦,૦૦૦/- ની અરજી ફી ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.

ઓનલાઇન અરજીના આધારે નવી શાળા મંજુરી અંગે બોર્ડનો નિર્ણય શાળામંડળ વતી ઓનલાઇન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. મંજુર/નામંજુરની વિગતો Web Site ઉપર મુકવામાં આવશે. જે શાળાને મંજુરી મળે તે શાળા મંડળે મંજુરીપત્રમાં જણાવેલ સમય-મર્યાદામાં બાકીની શાળા નોંધણીની ફી રૂ.૨૦,૦૦૦/-(વીસ હજાર) રૂપિયાની રકમ બોર્ડના SBI ખાતામાં ચલણની નકલ અને અન્ય આધારો સહિતની દરખાસ્ત સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત ઓનલાઇન ભલામણ સહિત બોર્ડની કચેરીને મળેથી શાળા નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. બોર્ડની કચેરીમાં કોઇપણ જાતના આધારો મોકલવાના રહેશે નહી ફકત online આધારો ધ્યાને લઇ મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવશે.

નોંધ:-બોર્ડની વેબસાઇટ gseb.org ઉપર નવી શાળા મંજુરી માટેની આવશ્યક સૂચનાઓ ધ્યાને લઇ Online અરજી માટેની પ્રક્રિયા કરવાની રહેશે.

(ડી.એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ:- ગાંધીનગર
તા:-૦૮/૦૧/૨૦૨૧

Scanned by CamScanner

ક્રમાંકઃ–મા.વિ.૩/પરીપત્ર/૨૦૨૧/ ૬૪૪૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ : ૦૮/૦૧/૨૦૨૧

૨/–ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક : /૨૦૨૧ તા.૦૮/૧/૨૦૨૧ નો પત્ર અન્વયે જાણ તથા ઉપરોક્ત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
નોન ગ્રાન્ટેડ, માધ્ય.અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner